# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧,ગાંધીનગર

"ખેલ અભિરૂચિ કસોટી (Sports Aptitude Test - SAT) - ૨૦૨૩ પરીણામનું જાહેરનામું

જાહેરનામાં: ક્રમાંક:રાપબો/SAT/પરીણામ/૨૦૨૩/૨૮૩૯૪ - ૨૮૫૦૦ તા: ૦૯/૧૨/૨૦૨૩

રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓના શારીરિક અને માનસિક વિકાસ યોગ્ય રીતે થઈ શકે તથા યોગ, શારીરિક શિક્ષણ, તથા રમત ગમતમાં રસ રૂચી વધે તથા ભવિષ્યમાં યોજાનાર રાષ્ટ્રીય ખેલકૂદ સ્પર્ધાઓમાં ગુજરાતનાં વિદ્યાર્થીઓ વધુમાં વધુ સંખ્યામાં પ્રતિનિધિત્વ કરી નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી શકે તે માટે પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રમત ગમત અને ખેલકૂદ માટે તૈયાર કરવા ઉચ્ચક માનદવેતનથી કરાર આધારિત 'ખેલ સહાયક યોજના' શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૧૨૦૨૩-પ્રાશિનિ-૨૮-ક (પાર્ટ), તા:૧૦/૦૭/૨૦૨૩ થી અમલમાં મુકવાનું ઠરાવવામાં આવેલ છે. આ ઠરાવ અંતર્ગત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ખેલ સહાયકની નિમણુક મેળવવા માટેની જરૂરી લાયકાત મેળવવા માટે આવશ્યક "ખેલ અભિરૂચિ કસોટી (SAT)" યોજવા અંગે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરને અધિકૃત કરવામાં આવેલ છે.

આ અંતર્ગત રાજ્ય પરીક્ષા બોર્ડના જાહેરનામા ક્રમાંક:રાપબો/SAT/૨૦૨૩/૧૬૫૬૫-૧૬૬૭૪, તા-૦૨/૧૧/૨૦૨૩ અન્વયે આ પરીક્ષાનું તા:૨૯/૧૧/૨૦૨૩ ના રોજ અમદાવાદ ગ્રામ્ય, રાજકોટ, વડોદરા, સુરત ખાતે આવેલ પરીક્ષા કેન્દ્રો ખાતે બપોરે ૧૨.૦૦ થી ૧૩:૩૦ કલાક દરમ્યાન આયોજન કરવામાં આવેલ હતું.

ખેલ અભિરૂચિ કસોટી (SAT)ની પ્રોવિઝનલ આન્સર કી તા:૦૧/૧૨/૨૦૨૩ ના રોજ કચેરીની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી અને આ પરીક્ષાના પ્રશ્નપેપરના કોઈ પ્રશ્ન/પ્રોવિઝનલ આન્સર કીનાં ઉત્તર સામે ઉમેદવાર રજૂઆત કરવા માગતા હોય તો નિયત પત્રકમાં તા:૦૧/૧૨/૨૦૨૩ થી તા:૦૫/૧૨/૨૦૨૩ સુધીમાં તમામ વિગતો ભરીને જરૂરી માન્ય આધારોને સાથે રાજ્ય પરીક્ષા બોર્ડના ઇ-મેલ એડ્રેસ : sebg.query@gmail.com પર મોકલી આપવા સૂચના આપવામાં આવેલ હતી.

ઉમેદવારો દ્વારા પ્રશ્નપેપરના કોઈ પ્રશ્ન/પ્રોવિઝનલ આન્સર કીનાં ઉત્તર સામે મળેલ રજૂઆતોને તજજ્ઞો સમક્ષ મુકવામાં આવેલ હતી. તજજ્ઞો દ્વારા તમામ રજૂઆતો અને આધારોની ચકાસણી કરી પ્રોવિઝનલ આન્સર કીમાં આપેલ ઉત્તરોમાં જરૂરી સુધારા કરી તા:૦૭/૧૨/૨૦૨૩ ના રોજ ફાઇનલ આન્સર કી તૈયાર કરવામાં આવેલ હતી. જે ધ્યાને લઈ રાજય પરીક્ષા બોર્ડ દ્વારા તા:૨૯/૧૧/૨૦૨૩ (બુધવાર) ના રોજ યોજાયેલ ખેલ અભિરૂચિ કસોટી (SAT)માં હાજર ઉમેદવારોનું પરીણામ આજ તા:૦૯/૧૨/૨૦૨૩ ના રોજ નીચેની વિગતે બોર્ડની વેબસાઇટ www.sebexam.org પર જાહેર કરવામાં આવે છે.

❖ **પરીણામની વિગતો:**

| Register | Absent | Present | Fail | Pass | Result (%) |
|---|---|---|---|---|---|
| 4842 | 1302 | 3540 | 1755 | 1785 | 50.42% |

❖ **અગત્યની સૂચનાઓ**

❖ શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: પીઆર-૧૧૨૦૨૩-પ્રાશિનિ-૨૮-ક(પાર્ટ), તા:૧૦/૦૭/૨૦૨૩ મુજબ ખેલ અભિરૂચિ કસોટી – ૨૦૨૩ (Sports Aptitude Test – SAT -2023)માં ૫૦% કરતા વધુ ગુણ એટલે કે કુલ ગુણ ૧૦૦ માંથી ૫૦ કે તેથી વધુ ગુણ મેળવેલ હોય તેવા ઉમેદવારોને પાસ જાહેર કરવામાં આવેલ છે.



Scanned with OKEN Scanner

❖ નોંધ: આ પરીક્ષામાં ઉમેદવાર જાહેરનામા મુજબ નિયત અનુભવ અને નિયત લાયકાત ધરાવે છે તે શરતે આવેદનપત્ર ભરી, ફી ભરનાર તમામ ઉમેદવારને શરતી પરીક્ષા આપવા દેવામાં આવી હતી. પરીક્ષા આપવાથી ઉમેદવાર નિયત લાયકાત અને નિયત અનુભવ ધરાવે છે તેવો દાવો કરી શકશે નહીં.

❖ માત્ર કસોટીમાં પાસ થયેલ છે તેવા ઉમેદવારોને ગુણાંકન સાથેનું પ્રમાણપત્ર રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ટૂંક સમયમાં સ્પીડ પોસ્ટ/રજીસ્ટર એડી મારફતે સંબંધિત ઉમેદવારો દ્વારા ઓનલાઇન આવેદનપત્ર ભરતી વખતે દર્શાવેલ સરનામા પર મોકલી આપવામાં આવશે. નાપાસ/ગેરહાજર ઉમેદવારોને માત્ર ગુણાંકનપત્રક (માર્કશીટ) મોકલવામાં આવશે.

❖ જે ઉમેદવાર પોતાની OMR Sheet ની પુન:ચકાસણી કરાવવા માંગતા હોય તે ઉમેદવાર તા:૧૮/૧૨/૨૦૨૩ થી તા:૨૨/૧૨/૨૦૨૩ સુધી રજાના દિવસો સિવાય કચેરી સમય દરમિયાન "રાજ્ય પરીક્ષા બોર્ડ, સરકારી પુસ્તકાલય પાસે, સેક્ટર-૨૧,ગાંધીનગર" ખાતે રૂબરૂ OMR Sheet ની ફાઇનલ આન્સર કી મુજબ પુન:ચકાસણી કરાવી શકશે. તા:૨૨/૧૨/૨૦૨૩ કચેરી સમય બાદ OMR Sheet ની પુન:ચકાસણીની કોઇપણ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

❖ OMR Sheet ની પુન:ચકાસણી કરાવવા માટે ઉમેદવારે પોતાની હોલટીકીટની નકલ તથા OMR Sheetની નકલ સાથે બોર્ડમાં લેખિત અરજી આપવાની રહેશે. આ ઉપરાંત OMR Sheet ની પુન:ચકાસણીની ફી પેટે રૂ! ૧૦૦/- રોકડમાં રાજ્ય પરીક્ષા બોર્ડની હિસાબી શાખામાં જમા કરાવવાના રહેશે.

❖ નામદાર હાઇકોર્ટના SCA. નં. 14621/2023 ના ઓરલ ઓર્ડર તા.૧૦/૧૧/૨૦૨૩ મુજબ આ પીટીશનના પીટીશનરોનું પરિણામ સીલબંધ કવરમાં રાખવામાં આવેલ છે.

સ્થળ:ગાંધીનગર
તારીખ:૦૯/૧૨/૨૦૨૩

(પી. કે. ત્રિવેદી)
અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

<u>નકલ સવિનય જાણ તથા અમલ સારૂ:</u>

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- એસ.આઈ.ઓ.શ્રી, એન.આઈ.સી., ગુજરાત રાજય, ગાંધીનગર.
- મેનેજરશ્રી, બીલડેસ્ક, અમદાવાદ.

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ:</u>

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. સચિવશ્રીનાં અંગત મદદનીશશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સચિવશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, ગાંધીનગર.
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- શાસનાધિકારીશ્રી, તમામ.



Scanned with OKEN Scanner